ગાંધીનગર સમાચાર

સે-૨૧ જીમખાના ખાતે તરણ સ્પર્ધાનો પ્રારંભ

# શહેરમાં દશામાની મૂર્તિઓનું આગમન



ગાંધીનગર, તા.૨૯

શ્રધ્ધાના દેવી મા દશામાના વ્રત દિવાસાના દિવસથી શરુ થઈ રહ્યા છે. ત્યારે શહેરના બજારોમાં સાંઢળી પર બિરાજેલા દશામાંની મૂર્તિ અને તેમના શણગારની ખરીદી માટે બહેનો બજારમાં ઉમટી રહી છે. શહેરના બજારમાં રૂ.૧૦૦ થી રૂ. ૨૫૦૦ સુધીની સુંદર કલાત્મક માતાજીની મૂર્તિઓ હાજર સ્ટોક જોવા મળી રહી છે. માતાજીના વ્રત માટે દશ દિવસનો પૂજાપો પણ તૈયાર મૂર્તિની સાથે હોવાથી બહેનોને પૂજાપા માટે ખાસ દોડધામ કરવી નહી પડે. ગત્ વર્ષ કરતા મોંઘવારીને પગલે માતાજીની મૂર્તિની ખરીદીમાં સામાન્ય ભાવ વધારો જોવા મળી રહ્યો છે. વ્રતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી માતાજીની સુંદર કલાત્મક માટીની તેમજ પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ ખરીદવા આગામી દિવસોમાં બહેનો બજારમાં ઉમટી પડશે.

દિવાસાના દિવસથી દશામાના વ્રતનો પ્રારંભ થાય છે. મહિલાઓ દશામાના વ્રતમાં ૧૦ દિવસ સુધી માતાજીની મૂર્તિની સ્થાપના કરે છે અને સવાર-સાંજ પૂજન-અર્ચન કરે છે. કેટલીક બહેનો એક ટાઈમ ભોજન લઈને વ્રત કરે છે તો કેટલીક બહેનો નકોરડા ઉપવાસ કરીને માતાજીની આરાધના કરે છે. દશ દિવસના વ્રત દરમિયાન સમગ્ર શહેરમાં ભકિતભાવનું વાતાવરણ સર્જાય છે. વ્રતના દશમાં દિવસે રાત્રી જાગરણ બાદ માતાજીને ભાવભરી વિદાય આપવામાં આવે છે. ત્યારે માતાજીના વ્રતને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારોમાં સાંઢળી પર બિરાજમાન દશામાની સુંદર કલાત્મક મૂર્તિઓનું બજારમાં આગમન થઈ ગયું છે. આ વર્ષે બજારમાં નહીવત ભાવ વધારો જોવા મળે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓની બોલબાલા છે પરંતુ આજે પણ શહેરમાં મોટાભાગની બહેનો માટીની મૂર્તિ ખરીદવાનું પસંદ કરે છે. બજારમાં રૂ.૧૦૦ થી રૂ.૨૫૦૦ સુધીની મૂર્તિ ઉપલબ્ધ છે. ત્યારે આગામી સમયમાં બજારમાં મૂર્તિ ખરીદવા બહેનોની ભારે ભીડ જામશે. દશામાના વ્રત દરમિયાન શહેરમાં વિવિધ સ્થળો પર ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સેકટર-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન ફુલના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦થી ૭.૧૫ કલાક દરમિયાન ફુલના હિંડોળા યોજાશે.

● ચ-૪, ફુવારા પાસે શનિવારના રોજ રાત્રે૯.૦૦ કલાકે સેટરડે નાઈટ શો યોજાશે.

## ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહના ગુણપત્રકનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે જુલાઈ ૨૦૧૬ની પૂરક પરીક્ષાના વિજ્ઞાનપ્રવાહના ગુણપત્રકનું વિતરણ તા. ૧-૮-૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન જે તે જિલ્લાના વિતરણ સ્થળ ઉપરથી કરવામાં આવનાર છે.

શાળાના આચાર્યશ્રી, કર્મચારીઓને ઓથોરીટી લેટર રજુ કરી પરીણામ મેળવી લેવા વિનંતી કરવામાં આવી છે.

## શિક્ષણ સહાયકોની જિલ્લા પસંદગી માટેની સમયમર્યાદામાં વધારો

ગાંધીનગર, તા.૨૯

રજીસ્ટર્ડ થયેલ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં માત્ર શિક્ષણ સહાયકોની પસંદગી યાદીમાં સમાવિષ્ટ થયેલ ઉમેદવારોએ જિલ્લા પંસદગીનો વિકલ્પ આપવાની મુદતની સમય મર્યાદા તા. ૨૯-૭-૨૦૧૬ના રોજ ૨૩.૫૯ કલાક સુધીની હતી તે વધારીને હવે તા. ૩૧-૭-૨૦૧૬ના રોજ ૨૩.૫૯ કલાક સુધી કરવામાં આવે છે. આ સંબંધિત અન્ય સુચનાઓ યથાવત રહેશે.

## ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશન જોગ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશનના મંત્રી નરેશ દવેના જણાવ્યા મુજબ ગુજરાત મંડપ એસોસિએશનનું ૨૪મું અધિવેશન બરોડાનું ગાંધીનગર મુકામે રાખવામાં આવ્યું છે. આ અંગે ડેલીગેશન ફોર્મ તથા જરૂરી ફી ફરજીયાત બે ફોટા સાથે તા. ૩૧ જુલાઈના રોજ જુના સચિવાલય કેન્ટીન પાસે સવારે ૧૦.૦૦ થી ૪.૦૦ કલાક દરમિયાન ફોર્મ ભરી જવા સભ્યોને અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● પેથાપુર લાંચ પ્રકરણમાં નાસતા ફરતા પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ ડી.બી. વાળાએ આજે ગાંધીનગર કોર્ટમા આગોતરા જામીન અરજી કરી છે. આ લાંચ પ્રકરણમાં એક કોન્સ્ટેબલની ધરપકડ થઈ છે જયારે પીએસઆઈ વોન્ટેડ છે.

● ઈન્ફોસીટી પોલીસે લાઈસન્સ વિના તેમજ ધૂમ સ્ટાઈલે અન્ય વાહન ચાલકોને પરેશાન કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી છે. આજે ઈન્ફોસીટી પોલીસે ૯ જેટલા બાઈકો ડીટેન કરતા શહેરના યુવા વર્ગમાં કકળાટ વ્યાપી જવા પામ્યો છે.

## ખુલ્લા વીજ થાંભલાઓને ઢાંકવા રજુઆત

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં ગાંધીનગરના સેકટર-૨૮ના બગીચામાં રમતા બાળકને ખુલ્લા વિજ પોલથી કરંટ લાગ્યો હતો. આ બનાવના સંદર્ભમાં વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતે સે-૧, ૨, ૩ ન્યુ, ૪, ઈન્ફોસીટી સહિતના વિસ્તારમાં આવેલા ખુલ્લા વિજપોલ અને તૂટી ગયેલા ઈલેકટ્રીક ફિટીંગની માહિતી મેળવી ટોરેન્ટ પાવરને યોગ્ય પગલા લેવા રજૂઆત કરી છે.

# સે-૨૬ સ્થિત એચડીએફસીનું એટીએમ તોડવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં સ્થિત એચડીએફસી બેંકના એટીએમ મશીનને તોડવાનો પ્રયત્ન ચોરો દ્વારા કરવામાં આવ્યો છે. આ મામલે બેંક કર્મચારીને જાણ થતા પોલીસને બોલાવી લીધી હતી. જો કે સદભાગ્યે એટીએમ મશીન તોડવામાં સફળતા ન મળતા ચોરો પરત ફરી ગયા હતા. ચોરો કેમેરામાં કેદ ન થાય તે માટે કેબીનમાં ઘુસતા જ કેમેરા તોડી નાંખ્યા હતા. બેંક કર્મીની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ચોરીના પ્રયાસ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

એચડીએફસી બેંકના કર્મચારી હિતેન્દ્રકુમાર ભાનુલાલ અખાણીએ સે-૨૧ પોલીસ મથકમાં આપેલી ફરિયાદ મુજબ ગઈ કાલે બપોરે ચારથી રાતના ૧૧ વાગ્યાના અરસામાં સે-૨૬ જીઆઈડીસી નજીક સ્થિત એટીએમ કેબીનમાં ચોરો ઘુસ્યા હતા. એટીએમ કેબીનમાં ઘુસેલા ચોરો સીસીટીવી કેમેરામાં ઝડપાઈ ન જાય તે માટે કેબીનમાં ઘુસીને તરત જ તેમણે કેમેરા તોડી નાંખ્યા હતા. ત્યારબાદ એટીએમ મશીન તોડવા પ્રયત્ન કર્યો હતો. જો કે ચોરોથી એટીએમ મશીન તુટી શકયું ન હતું. આખરે કંટાળીને એટીએમ મશીન ચોરવાનું માંડી વાળીને ચોરો પરત ફરી ગયા હતા. રાત્રે સિકયુરીટી ગાર્ડનું ધ્યાન સામાન્ય તુટેલા એટીએમ પર પડતા બેંક અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. સવારે આવીને જોયું તો ચોરીનો પ્રયાસ થયો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે સે-૨૧ પોલીસે એટીએમ મશીનમાં તોડફોડ કરી ચોરીના પ્રયાસ કરવા બદલ બેંક કર્મીની ફરિયાદ મુજબ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.





રખડતા પશુઓની સમસ્યા શહેરમાં ધીમે ધીમે વિકરાળ બનતી જાય છે. રખડતા પશુઓના કારણે અચાનક જો અકસ્માત થાય તો કોઈવાર માણસ મરે છે અથવા તો તે પશુનો જીવ જોખમાય છે. જુના સચિવાલયની બહાર ચોમાસા બાદ પડેલા ખાડામાં ગાય ફસાઈ ગઈ હતી. મહામેહનતે ગાયને બહાર કાઢવામાં આવી હતી. તો તંત્ર રખડતા પશુઓના પ્રશ્ન બાબતે જવાબ શોધે તે જરૂરી બન્યું છે.

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનના કર્મચારીઓ યોગ શિબિરના પંથે

ગાંધીનગરમાં આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પહેલીવાર દરેક કર્મચારીઓ માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રેની કચેરીમાં દરરોજ ૫૦ કર્મીઓ પાંચ દિવસીય યોગ કરી સ્ફુર્તિ મેળવી રહ્યા છે.

ગાંધીનગરમાં આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રથમવાર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આશરે ૨૦૦ કર્મચારીઓ તેમજ આસપાસના રહીશો જેનો લાભ લઈ રહ્યા છે. સંસ્થાના નિયામક આર.ડી. કંબોજ દ્વારા સંસ્થાના દરેક કર્મચારી વહેલી સવારે યોગ કરી શારીરિક સ્ફૂર્તિ મેળવે તે માટે પહેલ કરી હતી. દરેક શિબિરાર્થીઓને કુદરતી પીણાનો સ્વાદ પણ પ્રસાદીરૂપે આપવામાં આવે છે. ગાંધીનગરના સે-૧, ૨, અને ૮ના રહીશો આ યોગ શિબિરથી ઘણા પ્રભાવિત થયા છે. સમગ્ર યોગ શિબિરનું સંચાલન યોગ ગુરુ અશ્વિન દવે દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## જન્મદિનની ઉજવણી નિમિત્તે ૪૨૮ વૃક્ષોની વાવણી



ગાંધીનગર, તા.૨૯

રોટરી કલબ અને કલા ગુર્જરી ગાંધીનગરના પ્રમુખ એન.પી. પટેલના ૬૨મા જન્મદિનની ઉજવણી નિમિત્તે પર્યાવરણ વૃદ્ધિના હેતુથી ગાંધીનગર, માણસા અને ધેંધુ ગામમાં ૪૨૮ વૃક્ષોના રોપા રોપવામાં આવ્યા હતા. જેમાં લીંબુ, સરગવો, આમળા, મેગોની સાગ, ચંદન અને ચંપા જેવા ફળફળાદી અને ફૂલોના છોડ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના શ્રી મહેન્દ્ર ત્રિવેદી, રોટરી કલબના સભ્યો, કલા ગુર્જરી સે-૧ ઉત્સવ સમિતિ અને સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળના મહાનુભાવોના હસ્તે વાવવામાં આવ્યા હતા. આ વૃક્ષોનું કાયમી જતન થાય તેની જવાબદારી પણ નક્કી કરવામાં આવી હતી.

## પ્રેરણા વિદ્યાલયની ફેન્સિંગ ટીમ સ્ટેટ લેવલે પસંદગી પામી

તાજેતરમાં યોજાયેલ સ્કૂલ ગેમ ફેન્સિંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના અંડર-૧૪, ૧૭ અને અંડર-૧૯ના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી પોતાની પસંદગી સ્ટેટ લેવલની સ્પર્ધા માટે નિશ્ચિત કરી છે. જેમાં અંડર-૧૪ની સ્પર્ધામાં નકુલ યાદવ, રૂદ્ર દવે, ભાવેશ કટારા, આર્યન પરમાર, ભારતી યાદવ, આયુષી જાની તથા અંડર-૧૭ સ્પર્ધામાં હર્ષિલ રાવળ, નિહાર વાળંદ, મેહુલ યાદવ, વિવેક રાવલ, ભાવિક કિશોરી, દર્શન પરમાર, હેલી શાહ, પાર્વતી ઠાકોર, બંસરી જાદવ, માહિ સાધુ અને અંડર-૧૯ સ્પર્ધામાં પ્રશાંત વાઘેલા, હિન્દ ચૌહાણ, મિતેષ યાદવ, સત્યજીત ચાવડા, વિજય વાઘેલા, જયેન્દ્ર વાઘેલા, સંધ્યા વાઘેલા, અંકિતા વાઘેલા, નેહા શાહ, હર્તિકા વાઘેલા સહિતના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, આચાર્ય મનિષભાઈ ખત્રી તેમજ સમગ્ર પ્રેરણા પરિવારે આભિનંદન પાઠવ્યા છે.

## ૧૦ ટકા વ્યાજ વસુલતા સે-૩નાં વ્યાજખોર સામે ગુનો દાખલ


ગાંધીનગર, તા.૨૯

પેથાપુર વિસ્તારમાં રહેતા યુવાને ચારેક દિવસ પહેલા પોતાના ઘરે જ વ્યાજખોરના ત્રાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ૧૦-૧૦ ટકા વ્યાજ વસુલાત કરવા પઠાણી ઉઘરાણી કરતા સેકટર-૩ના વ્યાજખોર સામે આ મામલે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. બેભાન હાલતમાં હોસ્પિટલ લાવ્યા બાદ યુવાન ભાનમાં આવતા તેણે વ્યાજખોર સામે ફરિયાદ આપી પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર વિસ્તારમાં રહેતા યુવાન ભરતસિંહ તેજુસિંહ વાઘેલાએ ચારેક દિવસ પહેલા ચિઠ્ઠી લખીને ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા ભરતસિંહ બે દિવસથી બેભાન અવસ્થામાં હતા. તેણે ચિઠ્ઠી પણ લખી હતી. ભાનમાં આવ્યા બાદ ભરતસિંહનું પેથાપુર પોલીસે આપઘાતનો પ્રયાસ કરવા પાછળનું નિવેદન લેતા તેને પણ વ્યાજખોરનો ત્રાસ હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૩માં રહેતા નિલેશ દેસાઈ પાસેથી ભરતસિંહે આઠેક માસ પહેલા ૩.૫૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. આ રૂપિયાનું નિલેશ દેસાઈ ૧૦ ટકા વ્યાજ વસુલતો હોવાનું ભરતસિંહનું કહેવું છે. છેલ્લા થોડા સમયથી નિલેશ દેસાઈની પઠાણી ઉઘરાણી શરૂ થતા કંટાળીને ભરતસિંહે દવા પીધી હોવાનું નિવેદન પોલીસ સમક્ષ આપતા પેથાપુર પોલીસે નિલેશ સામે ગુનો દાખલ કરીને જમાદાર વિજયસિંહે વધુ તપાસ આરંભી છે.

## સે-૨૧ જીમખાના ખાતે તરણ સ્પર્ધાનો પ્રારંભ





ગાંધીનગર, તા.૨૯

સરદાર વલ્લભભાઈ પટેલ ઓલ ઈન્ડિયા ઓપન ગેમ્સ ફેસ્ટીવલ સ્વિમિંગ અને કબડ્ડી ચેમ્પીયનશીપ સ્પોર્ટસ ફેસ્ટિવલનો આજથી સચિવાલય, સે-૨૧, જીમખાનામાં પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્પર્ધામાં સ્વિમિંગની ૮ અલગ અલગ કેટેગરીના અંદાજીત ૧૮૧ તરવૈયાના સ્પર્ધકો અને કબડ્ડી બોય તેમજ ગર્લ્સની લગભગ ૧૨ ટીમો ભાગ લેશે. તા. ૨૯ થી ૩૧ ત્રણ દિવસ સુધી ચાલનારી ચેમ્પિયનશીપનો પ્રારંભ અમદાવાદ (બાપુનગર) શહેરના એમએલએ શ્રી જગરુપસિંહ રાજપુતના હસ્તે કરવામાં આવ્યો હતો.

સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત ૧૬મા વાર્ષિક સરદાર વલ્લભભાઈ પટેલ ઓલ ઈન્ડિયા ત્રી દિવસીય ખેલના ઉદઘાટન પ્રસંગે અમદાવાદ (બાપુનગર ) શહેરના એમલએલએ શ્રી જગરુપસિંહ રાજપુત, શ્રી એમ.ડી. પાંડે તેમજ સ્પોર્ટસ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને ફિલ્મ કલાકાર રાકેશ પાંડે સહિત અન્ય મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરી બસ વિટકોસ કાર્યરત જ રહેશે

**મ્યુ. કમિશનરે સંચાલકને હૈયા ધારણા આપી, બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બસ સર્વિસ ચાલુ રાખવા જણાવાયું, ૩૧મી જુલાઈ સુધીનું સંચાલકનું અલ્ટીમેટમ હતું**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરને જાહેર પરિવહન વ્યવસ્થા પુરી પાડવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ તંત્રને ફરીથી જીવતદાન મળી ગયું છે. શહેરમાં હાલ પુરતી વિટકોસ બસના સંચાલકને મ્યુનિ. કમિશનરે હૈયા ધારણા આપતા આ બસ સર્વિસ બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ચાલુ રાખવા નિર્ણય લેવાયો છે. જો કે મ્યુનિ. કમિશનર દ્વારા આ અંગે ટેન્ડર પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે તેવા સંકેતો આપ્યા છે. સંચાલકે ૩૧મી જુલાઈ સુધી જ બસ સર્વિસ ચાલુ રાખવાના અલ્ટીમેટમ પછી લેવાયેલા આ નિર્ણયથી પથંકના લોકોમાં રાહતની લાગણી જન્મી છે.

સમગ્ર રાજયનું જયાંથી સંચાલન થાય છે તેવા પાટનગરના રહીશો જ શ્રેષ્ઠ જાહેર પરિવહન વ્યવસ્થાથી વંચિત બન્યા છે. ગાંધીનગરમાં અને આજુબાજના વિસ્તારોમાં ફરતી વિટકોસના સંચાલક હુસેનભાઈ માંકડે વિટકોસ બસ સર્વિસને ૩૧મી જુલાઈ સુધી જ ચલાવવાનો નિર્ણય કરી તે અંગે તંત્રને અલ્ટીમેટમ પાઠવી દીધું હતું. તંત્રના સમયસરના અને સ્થિતિ



મુજબના ચોકકસ નિર્ણયોના અભાવે શહેરીજનોને સુવિધા ઉપલબ્ધ થવી મુશ્કેલ બની છે જેના ભાગરૂપે હાલની વિટકોસ બસના સંચાલક પણ તંત્રના ત્વરિત નિર્ણય લેવાના અભાવથી ત્રાહીમામ થઈ બસને શહેરમાંથી પાછી ખેંચી લેવાનો નિર્ણય કરી તંત્રને જાણ કરી દીધી હતી.

પરંતુ હુસેનભાઈ માંકડે જણાવ્યું હતું કે મ્યુનિ. કમિશનરે ટુંક સમયમાં આ પ્રશ્ન ઉકેલી નાખવાની ખાતરી આપીને બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી વિટકોસ બસ કાર્યરત રાખવા જણાવ્યું છે જેથી હવે વિટકોસ બસ કાર્યરત રહેશે. જો કે આ વિટકોસ બસ સર્વિસનો લાભ સ્થાનિક શહેરીજનોને ઓછો મળતો અને ગાંધીનગર આજુબાજના વિસ્તારને વધુ મળતો હોઈ શહેરીજનોમાં તંત્ર વિરૂધ્ધ ભારે રોષ ફેલાયેલો છે. બીજી તરફ તંત્રના અનિર્ણિત આ કામથી સંચાલક પણ ચાલી રહેલી બસ સેવામાં કોઈ જ ફેરફાર કરી શકતા નથી કે સુવિધા પુરી પાડી શકતા નથી. ખખડધજ અને ડિઝલથી કાર્યરત આ બસ સર્વિસને સારી અને સુવિધાયુકત બનાવવાનો ખર્ચ પણ સંચાલકને પોષાય તેવો રહ્યો નથી. જેમાં સંચાલકને તંત્ર દ્વારા કોઈ ચોકકસ દિશા નિર્દેશનો અભાવ રહ્યો છે. છતાં પણ હાલ કાર્યરત રખાયેલી વિટકોસથી મુસાફરોને રાહત ઉભી થશે તે ચોકકસ બાબત બની છે.

## લાખાભાઈ ગઢવીને ચારણ-ગઢવી સમાજની ભાવાંજલિ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકારના ગૌરવ પુરસ્કાર વિજેતા ગાયક કલાકાર લાખાભાઈ ગઢવી (જામનગર જિલ્લાના જાંબુડાના વતની)નું દુખદ અવસાન થયું છે.

લાખાભાઈએ ભાદર તારાં વહેતાં પાણી અને સોનકંસારી જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે પોતાનો સ્વર આપ્યો છે. ઉપરાંત, તેઓ આકાશવાણી, રાજકોટના બી હાઈ ગ્રેડના ગાયક કલાકાર હતા. તેમને સ્વ. હેમુ ગઢવી એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. ૮૦ વર્ષની વયે તેમનું નિધન થયું છે. ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત સમગ્ર ગુજરાતના ચારણ-ગઢવી સમાજને તેમને ભાવાંજલિ પાઠવી છે.

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના અગ્રણી સમરથદાન ઝુલા, ભરત કવિ, રવિદાન મોડ, નરહરદાન એ ગઢવી, મનહરદાન ડી ગઢવી, મહેશદાન આર ગઢવી, અજિતદાન ગઢવી, વસંતભાઈ ગઢવી, પ્રવીણભાઈ કે ગઢવી, પ્રભુદાન બી ગઢવી અને ભગવતદાન ગઢવીએ સ્વર્ગસ્થને અંજલી આપી છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર શાંતાબેન રેવાજી, ઉ.વ.૮૦
- સ્વ. ગોલ દિલીપસિંહ હમીરસિંહ, ઉ.વ.૫૮
- સ્વ. પટેલ ગૌતમભાઈ કાન્તિલાલ ઉ.વ.૬૦